# ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્ષ




## શ્રી બેતાલીસ દશા હુમ્મડ દિગંબર જૈન ચોખલાપંચ

*www.42samaj.in* *info@42samaj.in*

*facebook.com/42samaj*

# શ્રી બેતાલીસ દશા હુમ્મડ દિગંબર જૈન ચોખલાપંચ


સુભાષ એસ કોટડીયા (પ્રમુખ)

મુકેશકુમાર બી શાહ (મંત્રી)

મિતેશકુમાર એમ મહેતા (ખજાનચી)

:સંકલન:

CA રીન્કેશ શાહ.

અમદાવાદ


*આપણા સમાજ દ્વારા આ પુસ્તિકા સમાજના કરદાતાઓને સામાન્ય માર્ગદશન માટે સંપૂર્ણ પ્રયત્ન અને કાળજીપૂર્વક તૈયાર કરાઈ છે .આ પુસ્તિકા નો હેતુ માત્ર અને માત્ર માર્ગદર્શનનો જ છે વધુ ચોખવટ માટે દરેક વાચકે પોતાના સલાહકારની સલાહ લેવી આવશ્યક છે. વિશ્લેષણ, અર્થઘટન અથવા અનુવાદ કરવામાં કોઈ ક્ષતિ અથવા ભૂલ થઇ હોયતો  સમાજ અથવા સંકલનકાર ની કોઈ જવાબદારી નથી .*

સાધર્મી ભાઈઓ - બહેનો , વડીલો તથા યુવાનો,

સાદર જય જિનેન્દ્ર ,

સહર્ષ જણાવવાનું કે આપણા સમાજના ઓનલાઇન ઇ-વસ્તીપત્રક ની વેબસાઈટ સંપૂર્ણ રીતે કાર્યરત થઈ ગઈ છે તેમજ આશા રાખીએ છીએ કે આપ સર્વેને આપના **Login ID** તેમજ તેના **Password** પણ મળી ગયા હશે.

ઇ-વસ્તીપત્રક તથા વેબ સાઇટ બનાવવા માટેનો આપણો મુખ્યહેતુ એ છે કે સમાજના દરેક વ્યક્તિ વિવિધ પ્રકારે આનો મહત્તમ લાભ મેળવી શકે તે માટે તેના પ્રથમ ચરણરૂપે આવનાર દિવસોમાં નામદાર કેન્દ્ર સરકાર દ્વારા લાગુ થનાર **GST (Goods & Servies Tax)** ના કાયદાને લઈને વેપારી આલમમાં ઘણી મૂંઝવણ છે તેને દૂર કરવા તેમજ કાયદાની પરિભાષાને સરળ શૈલીમાં સ્પષ્ટ કરવા માટે આપણા સમાજના યુવા **CA Rinkesh Kirtibhai Shah** એ એક માર્ગદર્શિકા તૈયાર કરી છે તેને આપણે વેબસાઈટ પર મૂકીએ છીએ જેનો મહત્તમ લાભ આપણા સમાજના મહત્તમ વેપારી ભાઈઓ મેળવે તેવી અમારી સમાજવતી મંગલભાવના છે.

**GST** ના કાયદા અંગે માર્ગદર્શિકા તૈયાર કરવા માટે **CA Rinkesh Kirtibhai Shah** એ પોતાનો અમૂલ્ય સમય આપીને સમાજોપયોગી કાર્ય કરવામાં મદદ કરી છે તે ખુબજ આવકારદાયક છે તેમજ તેમના ખુબજ આભારી છીએ તેમજ ભવિષ્યમાં પણ દરેક ક્ષેત્રના નિષ્ણાંત યુવાનો આ રીતે આપણને અલગ-અલગ ક્ષેત્રોમાં મદદગાર બનશે તેવી આશા રાખીએ છીએ.........

લી.

સુભાષ એસ. કોટડીયા (પ્રમુખ) મુકેશકુમાર બી. શાહ (મંત્રી) મિતેશકુમાર એમ. મહેતા (ખજાનચી)

શ્રી બે.દ.હું.દિ. જૈન ચોખલા પંચ.

<u>સંકલિત અંશો</u>


| | | | |
|---|---|---|---|
| 1 | પ્રસ્તાવના | 11 | GST કોને લાગુ નહી પડે |
| 2 | ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્ષ (GST) ના પ્રકારો | 12 | પત્રકોની વિગતો અને ડોક્યુમેન્ટ |
| 3 | રજીસ્ટ્રેશનની જોગવાઈઓ: | 13 | ઉચ્ચકવેરા (Composition) ની જોગવાઈઓ |
| 4 | ફરજીયાત રજીસ્ટ્રેશન: | 14 | સપ્લાયનું મહત્વ અને વ્યાખ્યા |
| 5 | હાલ વિવિધ નંબર ધરાવતી વ્યક્તિ | 15 | ઇન્પુટ ટેક્ષ ક્રેડીટ (ITC) |
| 6 | ધંધાની જગ્યા | 16 | ઇન્પુટ ટેક્ષ ક્રેડીટ ની જોગવાઈઓ |
| 7 | રજીસ્ટ્રેશનને લગતી અન્ય વિગતો | 17 | ટ્રાન્ઝીશન સમય માટેની જોગવાઇઓ |
| 8 | Migration બાબત | 18 | ટેક્ષ ભરવાની પધ્ધતિ |
| 9 | પ્રાસંગીક (CASUAL) ડીલર | 19 | રિફંડ બાબત |
| 10 | GST નંબરનો એનાલીસીસ | 20 | બીલ બનાવવાની જોગવાઈઓ |

# GST

1. **પ્રસ્તાવના**

ભારત સરકારે તાજેતરમાં અપ્રત્યક્ષ વેરાઓ જેવાકે વેટ, એકસાઈઝ, સર્વિસ-ટેકસ, મનોરંજન કર, એન્ટી ટેક્ષ, કેન્દ્રીય વગેરે વેરાઓને એક છત્ર હેઠળ આવરી લેવા માટે G.S.T કાયદાને મંજુરી આપતો ખરડો પસાર કરેલ છે.જે તા ૦૧/૦૭/૨૦૧૭ થી અમલ માં આવનાર છે

તાજેતરમાં આ કાયદાની કલમો અને કાચા નિયમો બહાર પાડેલ છે. તેમજ અન્ય પ્રકારનાં લેખો દ્વારા દરેક પોતાની રીતે મુલવણી કરી સાદી સમજ આપવા પ્રયત્ન કરેલ છે. આ કાયદામાં કેવા પ્રકારની જોગવાઈઓ હશે? વેરો કોણ અને ક્યા તબ્બકે ભરાશે? આકારણી, વેરા દંડ, રીટર્ન કેવા પ્રકારના હશે? આ બધી બાબતે આપણે સમજવા પ્રયત્ન કરીએ.

2. **ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્ષ (GST) ના પ્રકારો:**

**કેન્દ્ર સરકારે લોકસભામાં GST કાયદો પ્રસારીત કર્યા જે પૈકી GST** ત્રણ ભાગમાં છે.

(૧) SGST (રાજ્ય સરકાર હેઠળ આવશે)

SGST માં હાલના તબક્કે VAT, મનોરંજન વેરો, લકઝરી ટેક્ષ, લોટરી વગેરે પરનો વેરો રાજ્યના લગતા ટેક્ષ અને સરચાર્જ તેમજ એન્ટ્રી ટેક્ષ આ કાયદામાં મર્જ કરી રાજ્ય ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્ષ (SGST) નામ આપવામાં આવેલ છે.

(૨) CGST (કેન્દ્ર સરકાર હેઠળ આવશે)

CGST કેન્દ્ર સરકારને મળવાપાત્ર વેરો જેવાકે એકસાઈઝ ડયુટી, વધારાની એકસાઈઝ ડયુટી તથા અન્ય કાયદા હેઠળ લાગતી સ્પેશીયલ એકસાઈઝ ડયુટી, સર્વિસ ટેક્ષ, વધારાની કસ્ટમ, સેસ અને સરચાર્જનો સમાવેશ આ કાયદામાં કરેલ છે.

(૩) IGST (ઈન્ટી ગ્રેટેડ જી.એસ.ટી)

IGST માલ અને સેવાઓના આંતર રાજ્યના વ્યવહારો પર લાગુ પડશે એટલેકે રાજ્ય બહાર સપ્લાય કે સેવાઓ કરવામાં આવશે તેના ઉપર વેરો લેવામાં આવશે. આ વેરો કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવશે.

IGST નો દર CGST અને SGST ના કુલ બરાબર હશે.

GST કાયદાનો અમલ ત્રણ વિભિન્ન કાયદા થકી કરવામાં આવશે.

- GST ACT 2017
- SGST ACT 2017 (નોધ: દરેક રાજ્યના આ કાયદા માં થોડા ફેરફાર હોવાની શક્યતા છે )
- IGST ACT 2017

**3. રજીસ્ટ્રેશનની જોગવાઈઓ:**

➢ **રજીસ્ટ્રેશન માટે ટર્નઓવરની મર્યાદા:**

✓ ૨૦ લાખ ટર્નઓવર નોર્મલ કેટેગરી માટે.

✓ ૧૦ લાખ ટર્નઓવર પૂર્વ રાજ્યો માટે.(અરુણાચલ પ્રદેશ, આસમ, મેઘાલય, મીજોરમ, મણીપુર, નાગાલેન્ડ, સીક્કીમ)

4. ફરજીયાત રજીસ્ટ્રેશન:

અમુક વ્યક્તિને ફરજીયાત રજીસ્ટ્રેશન કરવું પડશે.

- આંતરરાજ્ય ટેકસેબલ સપ્લાય કરનાર
- પ્રાસંગીક (Casual) ટેકસેબલ સપ્લાય કરનાર
- જે લોકો રીવર્સ ચાર્જ હેઠળ (Reverse charge Mechanism) વેરો ભરવા જવાબદાર હોય
- નોન રેસીડેન્ટ ટેકસેબલ વ્યક્તિ
- જે લોકો GST TDS માટે જવાબદાર હોય
- જે લોકો એજન્ટ તરીકે કામ કરવાના છે.
- ઈ-કોમર્સ ઓપરેટર દ્વારા માલ/સેવા સપ્લાય કરનાર વ્યક્તિ(દા.ત.amazon માં વેચાણ કરવા વાળા)

- ઈ-કોમર્સ ઓપરેટર્સ (amazon , snapdeal વગેરે)
- ઇન્પુટ સર્વિસ ડીસટ્રીબ્યુટર્સ
- કેન્દ્ર/રાજ્ય જે વ્યક્તિને નોટીફાય કરે તે વ્યક્તઓ

5. હાલમાં જે વ્યક્તિ વેટ અથવા સર્વિસ ટેક્ષ અથવા સેન્ટ્રલ એક્સાઈઝ હેઠળ નંબર ધરાવતી હોય તેને પણ GST હેઠળ નવેસર થી નોધણી કરાવવી પડશે.

➢ જે વ્યક્તિ અલગ-અલગ રાજ્યોમાં ધંધો/વ્યવસાય કરતી હોય, તેને દરેક રાજ્યમાં અલગ-અલગ નંબર લેવા પડશે.

➢ જે વ્યક્તિ ટર્નઓવર GSTમાં નક્કી કરેલ ગુડ્ઝ/સર્વિસની ટર્નઓવરની મર્યાદા કરતા ઓછી હશે તો રજીસ્ટ્રેશનની જરૂરીયાત રહેશે નહી. આમ છતાં તેઓ ઈચ્છે તો મરજિયાત રજીસ્ટ્રેશનની જોગવાઈ મુજબ રજીસ્ટ્રેશન લઇ શકશે.

**6. ધંધાની જગ્યા:**

➢ જે રાજ્ય માંથી કરપાત્ર માલ અથવા સેવાનો સપ્લાય થાય તે રાજ્ય માંથી રજીસ્ટ્રેશન લેવાનું રેહશે.

➢ જે વ્યક્તિ અલગ-અલગ રાજ્યોમાં વ્યવસાય કરતો હોય તેને દરેક રાજ્યમાં અલગ-અલગ રજીસ્ટ્રેશન લેવા પડશે.

7. રજીસ્ટ્રેશનને લગતી અન્ય વિગતો:

✓ ફરજિયાત રજીસ્ટ્રેશનમાં વ્યક્તિએ 30 દિવસમાં નોધણી માટે અરજી કરવાની રહેશે.

✓ GST નંબર મેળવવા PAN હોવો ફરજીયાત છે. પણ નોન રેસીડેન્ટ વ્યક્તિ(NRI)ને આમાં છૂટ મળેલ છે.

✓ કોઈ એક વ્યક્તિએ એક રાજ્યમાં એકથી વધુ બિઝનેસ ડીવીઝન (VERTICAL SEGMENT) હોયતો દરેક ડીવીઝન માટે અલગ નોધણી નંબર મેળવી શકશે.

8. **હાલમાં નંબર ધરાવતા વ્યક્તિના GST રજીસ્ટ્રેશન (Migration) બાબત:**

હાલમાં  કોઈપણ કાયદા હેઠળ નોધાયેલ વ્યક્તિને સૌ પ્રથમ કામચલાઉ રજીસ્ટ્રેશન (Provision Enrolment) માટે અરજી કરવાની છે. અરજી કરનારને કામચલાઉ નંબર આપવામાં આવે છે, જે GST કાયદો આવ્યા પછી ત્રણ મહિના સુધી ચાલશે. ત્યાં સુધીમાં વ્યક્તિએ રજીસ્ટ્રેશનનું ઓનલાઇન ફોર્મ ભરીને તથા જરૂરી દસ્તાવેજો સાથે ફાઈનલ GST નંબર માટે અરજી કરી નાખવાની રેહશે.

**9. પ્રાસંગીક (CASUAL) ડીલર:**

પ્રાસંગીક (CASUAL) ડીલર માટે રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ ૯૦ દિવસ માટે માર્યાદિત રહેશે. જો જરૂર પડશે તો બીજા ૯૦ દિવસ લંબાવી અપાશે.

10. **GST નંબરનો એનાલીસીસ**:

- ✓ GST નંબર ૧૫ આંકડાનો રહેશે.
- ✓ પ્રથમ ૨ આંકડા રાજ્યને નિદેર્શ કરશે.
- ✓ 3  થી ૧૨ આંકડા પાન નંબરના રેહશે
- ✓ ૧૩  મો આંકડો રાજ્યમાં તેના કેટલા નંબર છે તે રહેશે.
- ✓ ૧૪ મો આંકડો ખાલી હશે.
- ✓ અને છેલ્લો આંકડો એટલેકે ૧૫ મો આંકડો એ તે વ્યક્તિ ઓળખવાનો રહેશે



## 11. GST કોને લાગુ નહી પડે:

- GST ના ક્ષેત્ર ની બહારની વસ્તુઓ(વેરાઓ):

  પેટ્રોલિયમ પેદાશો, તમાકુ અને તમાકુની બનાવટો, તથા દારૂ- હાલના તબ્બકે GSTથી બહાર રેહશે અને કેન્દ્ર સરકાર નક્કી કરશે તે મુજબ કેન્દ્ર/રાજ્ય સરકાર આ વસ્તુઓ/સેવાઓ ઉપર વેરો ઉઘરાવાશે. આવા માલ/સેવાઓ ઉપર વેરો ઉઘરાવાની સત્તા રાજ્ય સરકાર ની રહેશે.

- સામાન્ય રીતે જે વ્યક્તિનું વાર્ષિક સપ્લાયનું ટર્નઓવર (માલ/સેવાનું) ૨૦ લાખથી ઓછુ હશે, તેને લાગુ પડશે નહી.

## 12. પત્રકોની વિગતો અને ડોક્યુમેન્ટ:-

| | RETURN FORM | શું ફાઈલ કરવાનું? | ક્યારે ફાઈલ કરવાનું? | લેટ ફી |
|---|---|---|---|---|
| માસીક પત્રકો | GSTR-1 | ટેકસેબલ માલ અથવા સેવાઓના સપ્લાયની વિગત | માસ પુરા થયાના ૧૦ દિવસમાં | **SGST** મુજબ, લેટ ફી રૂા ૧૦૦/- પ્રતિ દિન મહતમ રૂા ૫,૦૦૦/- **+** **CGST** મુજબ લેટ ફી રૂા ૧૦૦/- પ્રતિ દિન મહતમ રૂા ૫,૦૦૦/- (કુલ રૂા ૨૦૦/-પ્રતિ દિન મહતમ રૂા ૧૦,૦૦૦) |
| | GSTR-2 | માલ કે સેવાઓ ખરીદીની વિગતો કે જેમાં ઈનપુટ ટેક્ષ કેડીટ મળવાપાત્ર | માસ પુરા થયાના ૧૫ દિવસમાં | |
| | GSTR-3 | માસીક પત્રક કે જેમાં ફાઈનલ વેચાણ અને ખરીદી વિગતો અને ટેક્ષ પેમેન્ટની વિગતો | માસ પુરા થયાના ૨૦ દિવસમાં | |
| | GSTR-5 | ફોરેન નોન રેસીડેન્ટ ટેકસેબલ પર્સન | માસ પુરા થયાના ૨૦ દિવસમાં | |
| | GSTR-6 | ઈનપુટ સર્વિસ ડીસટ્રીબ્યુટર માટે | માસ પુરા થયાના ૨૦ દિવસમાં | |
| | GSTR-7 | જે ઓથોરીટી **TDS** કાપતી હોયતે ડીટેલ | માસ પુરા થયાના ૧૦ દિવસમાં | |
| | GSTR-8 | ઈ-કોમર્સ ઓપરેટરો અને જે ઓથોરીટી ટેક્ષ કલેક્ટ કરતી હોય તે | માસ પુરા થયાના ૧૦ દિવસમાં | --- |
| ત્રિમાસિક પત્રકો | GSTR-4 | ત્રિમાસિક સેટ પત્રક ઉચ્ચક વેરામાં જે હોય | માસ પુરા થયાના ૧૮ દિવસમાં | **SGST** મુજબ, લેટ ફી રૂા ૧૦૦/- પ્રતિ દિન મહતમ રૂા ૫,૦૦૦/- **+** **CGST** મુજબ લેટ ફી રૂા |

| | | | | |
|---|---|---|---|---|
| | | | | ૧૦૦/- પ્રતિ દિન મહતમ રૂા ૫,૦૦૦/-<br>(કુલ રૂા ૨૦૦/-પ્રતિ દિન મહતમ રૂા ૧૦,૦૦૦) |
| વાર્ષિક પત્રકો | **GSTR-9** | વાર્ષિક પત્રક | વર્ષ પૂરું થયાની ૩૧ ડીસેમ્બરે | **SGST** મુજબ, લેટ ફી રૂા ૧૦૦/- પ્રતિ દિન મહતમ ટર્નઁઓવર ના ૦.૨૫ પૈસા<br>**+**<br>**CGST** મુજબ લેટ ફી રૂા ૧૦૦/- પ્રતિ દિન મહતમ ટર્નઁઓવર ના ૦.૨૫ પૈસા<br>(કુલ રૂા ૨૦૦/-પ્રતિ દિન મહતમ ટર્નઁઓવર ના ૦.૫૦ પૈસા) |
| છેલ્લું પત્રક | **GSTR-10** | જે ટેક્સેબલ વ્યક્તિ રજીસ્ટ્રેશન સરન્ડર કે કેન્સલ થયા હોય | જે દિવસ રજીસ્ટ્રેશન કેન્સલ કે સરન્ડર થયો હોય તેના ત્રણ માસમાં જે મોડું હોય તે | **SGST** મુજબ, લેટ ફી રૂા ૧૦૦/- પ્રતિ દિન મહતમ રૂા ૫,૦૦૦/-<br>**+**<br>**CGST** મુજબ લેટ ફી રૂા ૧૦૦/- પ્રતિ દિન મહતમ રૂા ૫૦૦૦/-<br>(કુલ રૂા ૨૦૦/-પ્રતિ દિન રૂા ૧૦૦૦૦) |

## 13. ઉચ્ચકવેરા (Composition) ની જોગવાઈઓ:-

- જે વ્યક્તિનું ગત વર્ષનું વાર્ષિક ટર્નઁઓવર ૫૦ લાખથી ઓછુ હોય તેવા વ્યક્તિ ઉચ્ચકવેરાનો લાભ લઇ શકશે. જે નીચે મુજબ છે.

✓ ઉત્પાદક (મેન્યુંફેક્ચરર) ( SGST-1% + CGST-1%) – 2%

✓ રેસ્ટોરન્ટ, કેટરર્સ, કેન્ટીન, ભોજનાલય ( SGST-2.5% + CGST-2.5%) – 5%

✓ રીટેલર ( SGST-0.5% + CGST- 0.5%) – 1%

✓ આ વિકલ્પ માટે પરવાનગી લેવી પડશે.

✓ આ વિકલ્પ લેનાર ને કોઈ પણ જાત ની ઇનપુટ ટેક્ષ ક્રેડીટ (ITC) મળશે નહિ.

**14. સપ્લાયનું મહત્વ અને વ્યાખ્યા:-**

- ✓ વેટ (VAT) ના કાયદામાં ખરીદ અને વેચાણના વ્યવહાર પર વેરો (TAX) લાગે અને એકસાઈઝ ડ્યુટી ઉત્પાદન (Manufacture) પર વેરો લાગે છે. જયારે GST માલ/સેવાઓના "સપ્લાય" પર વેરો લાગે.
- ✓ GST માં સપ્લાય એ મહત્વનો ભાગ ભજવશે.
- ✓ રૂા ૫૦,૦૦૦/- થી ઉપરની સપ્લાય ઉપર E-WAY બીલની આવશ્યકતા રેહશે.
- ➢ **સપ્લાય ની વ્યાખ્યા મુજબ:**
- ✓ માલ કે સેવાની તબદીલી કરતા વ્યવહારો ઉપરાંત નીચેના વ્યવહારોનો પણ સપ્લાયમાં સમાવેશ થશે.
- ✓ જેમકે વેચાણ, ટ્રાન્સફર, બાટેર, લાયસન્સ, લીઝ ભાડે આપવું કે કોઈ પણ રીતે માલકે સેવાનો ધંધા અવેજના બદલામાં ધંધા કે ધંધાના વિકાસ માટે નિકાલ કરવો.
- ✓ સપ્લાય માટે માલિકીની તબદીલ કે બે પક્ષકારનું હોવું જરૂરીનથી.
- ✓ દા.ત. એકજ કંપનીની એક બ્રાન્ચ માંથી બીજી બ્રાન્ચમાં માલ કે સેવાની તબદીલી ને સપ્લાય ગણાશે તેથી તેના ઉપર GST લાગુ પડશે.
- ✓ નીચે મુજબના વ્યવહારોનો પણ સપ્લાયની પરિભાષામાં સમાવેશ થશે
  - મફતમાં માલ અથવા સેવા આપવી.
  - ભાડાની આવક
  - માલની આયાત પર (IMPORT OF GOODS)
  - વિદેશથી સેવા લીધી હોય (IMPORT OF SERVICES)
  - બ્રાન્ચ અથવા એજન્ટને માલ મોકલવો
  - જોબવર્કર ને જોબવર્ક માટે માલ મોકલવો હોય તો તેના પર.
  - ધંધાની કોઈપણ મિલકતનો અંગત વપરાશ કર્યો હોયતો તેના પર
  - બાટેર સીસ્ટમ હેઠળ માલની અદલા બદલી કરવી.

- **સપ્લાય કર્યાનો સમય ક્યારે ગણવામાં આવશે:**

✓ નીચેના પૈકી સૌથી પેહલા જે થાય તેને સપ્લાય કર્યાનો સમય ગણવામાં આવશે.

- માલ/સેવાઓ મળ્યાની તારીખ.
- સપ્લાયનું બીલ જે તારીખ મળેલ હોય
- સપ્લાયનું પેમેન્ટ જે તારીખ કરવામાં આવેલ હોય
- માલ લેનારના ચોપડામાં જે તારીખે એન્ટ્રી થયેલ હોય.

✓ જયારે માલ જાંગડ (APPROVAL) પર મોકલેલ હોય.

- માલ એપૂર્વ(approve) થયાની તારીખ.
- જે માલ ૬ મહિના ની અંદર પાછો આવેતો ટેક્ષ નહી લાગે.
- ૬ માસ બાદ GST લાગશે.

✓ જયારે માલ ખસેડી શકાય તેમ નહોય (FIXED)

- ત્યારે જયારે માલ પ્રાપ્ત કરનાર ને માલ હવાલે કરવામાં આવે તે દિવસે

✓ રીવર્સ ચાર્જ ( સર્વિસ અથવા માલ લેનારને ભરવો પડતો ટેક્ષ )

- સેવા મળ્યાની તારીખ
- સેવાનું બીલ જે તારીખે મળેલ હોય.
- સેવાનું પેમેન્ટ જે તારીખે કરવામાં આવે.
- સેવા મળ્યાનું જે તારીખે ચોપડે નોંધવામાં આવે.

- સપ્લાયની કીમત શું ગણાશે?

✓ માલ/સેવાઓ ના બીલના જણાવેલ રકમ

✓ સપ્લાય કરનારને જે રકમ ચૂકવવી જોઈતી હતી પરંતુ માલ કે સેવા મેળવનારે તે ચૂકવી હોય અને તેનો સમાવેશ સપ્લાયની કીમતમાં ન થયો હોય તેવી રકમ ઉપર ટેક્ષ ભરવાનો રહેશે.

✓ **કોઈને વિના મુલ્યે માલ આપવામાં આવે છે કે ઘટાડેલી કિમતે પણ આપેલ હોયતો પણ તે માલની મૂળકિમત ઉપર જ GST ભરવો પડશે.**

- ✓ રોયલ્ટી અને લાયસન્સ ફી ઉપર પણ વેરો ભરવાનો થશે.
- ✓ સપ્લાયને લગતા ખર્ચાઓ જેવાકે પેકિંગ, ટ્રાન્સપોર્ટ, રોયલ્ટી કમીશન જેવા ખર્ચનો માલની કિમતમાં સમાવેશ કર્યો હશે તો તેના પર ટેક્ષ લાગશે
- ✓ સપ્લાય સાથે સંકળાયેલ કોઈપણ પ્રકાર ની સબસીડીની રકમ પર GST લાગશે.
- ✓ સપ્લાય પછી ડિસ્કાઉન્ટ આપેલ હોય (CASH DISCOUNT) એટલેકે બીલમાં તેનો સમાવેશ કરવામાં ન આવેલ હોયતો તેવા ડિસ્કાઉન્ટ બાદ નહી મળે .
- ✓ સપ્લાયરે કરેલા કોઇપણ ખર્ચાઓનું રાઈનબર્સમેન્ટ જયારે કરવામાં આવે તો તે રાઈનબર્સમેન્ટ જયારે કરવામાં આવે તો તે રાઈનબર્સમેન્ટની રકમઉપર GST લાગશે.

15. GSTના કાયદાઓ મુજબ ઇનપુટ ટેક્ષ ક્રેડીટ (ITC) મજરે મળવા અંગે :

| વિગત | IGST | CGST | SGST |
|---|---|---|---|
| આઈજીએસટી ક્રેડીટ (IGST) | મળશે | મળશે | મળશે |
| કેન્દ્રીય જીએસટી ક્રેડીટ (CGST) | મળશે | મળશે | નહીં મળે |
| સ્ટેટ જીએસટી ક્રેડીટ (SGST) | મળશે | નહીં મળે | મળશે |

ઉપર ના ટેબલ પરથી એ સાબિત થાય છે કે સ્ટેટ જીએસટી ક્રેડીટ કેન્દ્રીય જીએસટી ક્રેડીટ સામે નહીં મળે તેજ રીતે કેન્દ્રીય જીએસટી ક્રેડીટ સ્ટેટ જીએસટી ક્રેડીટ સામે નહીં મળે.

**16. ઇન્પુટ ટેક્ષ ક્રેડીટ ની જોગવાઈઓ:-**

- ➢ *ઇન્પુટ ટેક્ષ ક્રેડીટ (ITC) કોને અને કયારે મળશે?*
- ✓ જે વેપારી પાસે મરજીયાત કે ફરજીયાત GST રજીસ્ટ્રેશન નંબર મેળવેલ હોય ઇનપુટ ટેક્ષ ક્રેડીટ (ITC) મળવાપાત્ર છે.

- ✓ જે વેપારી  તેના બંધારણમાં વેચાણ, ડીમર્જન , લીઝ કે ટ્રાન્સફર દ્વારા ફેરફાર થતો હોયતો પણ ઇન્પુટ ટેક્ષ ક્રેડીટ જેને ધંધો ટ્રાન્સફર, તબદીલ  થયો  હોય ઇન્પુટ ટેક્ષ ક્રેડીટ (ITC) હસ્તાંતર કરી શકાશે.

➢ *ઇન્પુટ ટેક્ષ ક્રેડીટ (ITC) મળવાપાત્ર શરતો:*

- ✓ માલ/સેવાઓ ઉપર ચૂકવેલ વેરાની ક્રેડીટ લેવા માટે પ્રથમ તેનું મૂળ બીલ/ડેબીટ નોટ હોવી જરૂરી છે.
- ✓ વેપારીને માલ કે સેવાઓ ખરેખર મળેલી હોવી જોઈએ.
- ✓ જે વેપારી પાસેથી માલ કે સેવા મળેલ હોય તેણે ખરેખર પોતાનો વેરો ચૂકવેલ હોવો જોઈએ.
- ✓ જે વેપારીએ ઇન્પુટ ટેક્ષ ક્રેડીટ માંગતા હોય તેણે પોતાના પત્રકો ભરેલ હોવા જોઈએ
- ✓ જો બીલની સામે માલ/સેવાઓ કટકે કટકે આપેલ હોયતો માલનો છેલ્લો કટકો મળ્યા પછી જ બીલમાં દર્શાવેલી  ટેક્ષની રકમ ઈનપુટ તારીખે ક્રેડીટ મળશે.

➢ ***ઇન્પુટ ટેક્ષ ક્રેડીટ (ITC) કોને નહીં મળે ?***

- ✓ ઉચ્ચકવેરો (COMPOSITION) ભરતા વેપારી પાસેથી કરવામાં આવેલ ખરીદી ઉપર.
- ✓ કેટરીંગ, ખાણીપીણી , કલબની મેમ્બરશીપ , વીમો (HEALTH),  ટ્રાવેલ બેનેફીટ, બ્યુટી ટ્રીટમેન્ટ, પ્લાસ્ટીક સર્જરી વગેરે પ્રકારના ખર્ચાઓ પર વેરો મજરે નહી મળે .
- ✓ કેપીટલ ગુડસ પરના વેરા ઉપર ઇન્કમટેક્ષ કાયદા હેઠળ ઘસારો (DEPRICIATION) બાદ લીધેલ હશે તો તે ટેક્ષની ક્રેડીટ નહી મળે .
- ✓ મોટર વાહન પર ભરેલા ટેક્ષની ક્રેડીટ નહી મળે .
- ✓ સ્થાવર મિલકત બનાવવા માટે લીધેલ માલ (દા.ત. સિમેન્ટ, સ્ટીલ, એન્ગલ, સળીયા) જેમાં માલિકી તબદીલ ન થઇ હોય તેવા માલ પર ભરેલ ટેક્ષ ક્રેડીટ તારીખે બાદ નહી મળે.
- ✓ કોઈપણ કરપાત્ર વ્યક્તિએ માલ/સેવા ઉપર જે તે સમયે ચૂકવેલ ઈનપુટ ટેક્ષ ક્રેડીટ મેળવી લીધા બાદ તે  ઉચ્ચકવેરાનો વિકલ્પ સ્વીકારે તો માલસ્ટોકમાં હોય તેના પર જમા ઈનપુટ ક્રેડીટ તેમાંથી બાદ કરવાની રહેશે.

- ✓ જે વર્ષનું બીલ હોયતે વર્ષ પૂરું થયા બાદના વર્ષના સપ્ટેમ્બર માસના પત્રક કે તે વર્ષનું વાર્ષિક પત્રક ભર્યાની તારીખ એ બેમાંથી જે વહેલું હોય તે પછી ઇન્પુટ ટેક્ષ ક્રેડીટ (ITC) રહી ગયેલ હશે તે માંગી શકાશે નહી.
- ✓ જો કોઈ કેપીટલ ગુડ્ઝ પર ઇન્પુટ ટેક્ષ મેળવી લીધા બાદ તેનો સપ્લાય કરવામાં આવેતો નિર્દિસ્ટ કરેલા ટકાવારીએ મેળવેલ ઇન્પુટ ટેક્ષ ક્રેડીટ માં ઘટાડો કરીને વધતી બાકીની રકમ અથવા કેપીટલ ગુડ્ઝના સપ્લાયની કિમત પરનો વેરો બે માંથી જે વધુ હોયતે રકમ ભરવાની  રેહશે.
- ✓ જે માલ ખોવાઈ ગયો કે ચોરાઈ ગયો હોય અથવા તેને ફ્રી સેમ્પલ ગીફ્ટ તરીકે આપેલ હોય તો તેની ક્રેડીટ નહી મળે.

**17. ટ્રાન્ઝીશન સમય માટેની જોગવાઇઓ:**

- ➢ ***વેટ/એકસાઈઝ/સર્વિસટેક્ષ થી ટ્રાન્ઝીશન માટેની જોગવાઇઓ:***
- ✓ જુના કાયદાના છેલ્લા દિવસે રીટર્ન મુજબ બાકી રહેતી જમા રકમ અમુક શરતોને આધીન GST માં લઇ જવાની જોગવાઈ છે.
- ✓ વેટ અને એન્ટ્રીટેક્ષનો આગળ ખેચેલ રીફંડ CGST તરીખે જમા થશે
- ➢ ***કેપીટલ ગુડ્ઝની બાકી રેહતી ક્રેડીટ :***
- ✓ હાલના કાયદા મુજબે કેપીટલ ગુડ્ઝની ખરીદી પરની એકસાઈઝ ડ્યુટી ૫૦% ખરીદીના વર્ષે અને બાકીની ૫૦% તે પછીના બીજા વર્ષે મળે છે . પરંતુ પછીના વર્ષમાં બાદ મળનારી 50% Excise Duty GST નો ફાયદો અમલ આવતા જમા મળશે.
- ✓ કૃષી કલ્યાણ (KKC) અને ઉચ્ચ ભણતરનો (Higher Education cess) નવા GST કાયદા હેઠળ જમા નહી મળે.
- ➢ ***કાચામાલ વર્ક ઇન પ્રોસેસ અને પાકમાં રહેલ ડ્યુટી:***
- ✓ વેટ અને એકસાઈઝ/સર્વિસટેક્ષ માં જે રજીસ્ટર્ડ નથી અને GST કાયદા  હેઠળ ટેક્ષ ભરવાપાત્ર છે. તેવા વેપારી કલોઝીંગ સ્ટોક/WIP/પાકા માલમાં રહેલ ડ્યુટી નીચે મુજબ GST માં જમા થશે .

- તે સ્ટોક ટેકસેબલ સપ્લાય માં વપરાતો હોવો જોઈએ .
- ૧૨ માસ પહેલાનો સ્ટોકનો કર પર GST માં જમા નહી મળે.

✓ વેપારી પહેલા જે ઉચ્ચકવેરા (COMPOSITION TAX) માં રજીસ્ટર્ડ હતા અને GST માં તેઓ રજીસ્ટર્ડ સપ્લાયર છે. તેઓને ટેક્ષક્રેડીટ ઉપરના નિયમ મુજબ બાદ મળશે.

✓ એજન્ટ પાસેના પહેલા સ્ટોકની ક્રેડીટ નીચે મુજબ મળે.

- એજેન્ટ GST માં રજીસ્ટર્ડ હોવો જરૂરી છે. અને એજન્ટ પાસે પાકા માલની ક્રેડીટ એજન્ટ એજ લેવાની રહેશે.
- પ્રીન્સીપલના ચોપડે એજન્ટ પાસે બતાવેલા સ્ટોકની જ ક્રેડીટ મળશે
- ૧૨ માસ  પેહલાના સ્ટોક પર GSTમાં ક્રેડીટ નહી મળે.
- પ્રીન્સીપલે એ માલની ક્રેડીટ લીધેલ ન હોવી જોઈએ.

18. ટેક્ષ ભરવાની પધ્ધતિ:

➢ ટેક્ષ ની રૂ૧૦,૦૦૦ કે તેથી ઓછી રકમ વ્યક્તિ ચેક અથવા રોકડા જમા કરાવીને અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી કરી શકશે.

➢ આવીરીતે ભરેલ ઉપરોક્ત રકમ વ્યક્તિના ઇલેક્ટ્રોનિક ક્રેડીટ લેજરમાં જમા થશે, જેનો ઉપયોગ ફક્ત આઉટ્પુટ ટેક્ષ ભરવા માટે જ થઈ શકશે

19. રિફંડ બાબત:

➢ GST કાયદા કરવામાં આવેલ જોગવાઈ મુજબ:

- ફાઈનલ પ્રોડ્કટસ પરના GST ના દર કરતા તેને માટે જોઈતા કાચા માલ પરના દરો જો વધું હશે તો તેવા કિસ્સામાં રિફંડ મળવા પાત્ર થશે.
- આ ઉપરાંત નિકાસ કરનારને તથા SEZ ને રિફંડ આપવામાં આવશે.
- આ ઉપરાંત ટેક્ષ વધુ ભરાઈ ગયો હશે તો રિફંડ આપવામાં આવશે.
- આ ત્રણ સિવાય અન્ય કોઈ સંજોગોમાં રિફંડ મળશે નહીં.

➢ જો વ્યક્તિએ સપ્લાયને રાજ્યની અંદરના કરેલા વ્યવહારો ગણીને તેને ગણતરીમાં લેવામાં આવેલ હોય અને તેના ઉપર SGST અને CGST જમા કરાવ્યો હોય (ભર્યો હોય) પરંતુ સમયાંતરે અથવા  સમય જતા તે વ્યવહારને ઇન્ટરસ્ટેટ ટ્રાન્જેકશનની કક્ષામાં મુકવામાં આવેતો તેવા સંજોગોમાં વ્યક્તિને SGST અને CGST બનેનું રિફંડ મળવાપાત્ર બને છે. પરંતુ તે કરપાત્ર વ્યક્તિ IGST જમા કરાવે તે પછીજ તેમને SGST અને CGSTનું રિફંડ આપવામાં આવશે.

➢ તેવીજ રીતે કોઈ વ્યક્તિ એ SGST ની જગ્યાએ CGST ભર્યો તો તેને SGST વ્યાજ અને પેનલ્ટી સાથે ભર્યા બાદ જ CGSTનું  રિફંડ મળવાપાત્ર થશે.

➢ નિકાસકારને રીટર્ન (વેરા પત્રક) ફાઈલ કર્યાના એક અઠવાડિયા ની અંદર ૯૦% રિફંડ આપી દેવામાં આવશે.

**20. બીલ બનાવવાની જોગવાઈઓ:-**

✓ નોધાયેલ કરપાત્ર વ્યક્તિએ કરપાત્ર માલ કે સેવાઓ સપ્લાય માટે ટેક્ષ બીલ આપવાનું રહેશે.

✓ બીલમાં માલનું વર્ણન, માલનો જથ્થો, માલની કીમત અને લગાવેલ વેરની અને HSN NO. માહિતી સામેલ કરવાની રહેશે.

✓ રૂપિયા ૨૦૦/- સુધીની રકમ હોયતો ટેક્ષબીલ બનવાની જરૂર નથી.

✓ ટેક્ષ ફ્રી સેવા કે વેચાણ હોયતો ટેક્ષબીલને બદલે સાદું બીલ આપી શકાશે.

✓ જો કોઈ એડવાન્સ રકમ મળેતો તેની રસીદ આપવી પડશે.

✓ માલ જાંગડ (ON APPROVAL) આપતી વખતે પણ બીલ બનાવવું પડશે.

✓ સપ્લાય કર્યા પછી વ્યક્તિએ ૩૦ દિવસ ની અંદર બીલ બનાવી દેવું પડશે.

✓ ટેક્ષબીલ માં માલ અથવા સેવાની સામે HSN Code/SAC No આપવા પડશે

✓ જો આગલા વર્ષનું  ટર્નઓવર 1.5 Cr થી ઓછુ હોયતો  HSN Code લખવાનું ફરજીયાત નથી .અને જો ટર્નઓવર 1.5 Cr થી વધુ હોયતો  HSN Code લખવો પડશે.

✓ નિકાસ(EXPORT) કરેલ માલમાં આઠ આંકડાનો HSN Code નંબર આપવા પડશે.

# GST

## આપના વ્યવસાય માં

## પ્રગતિ કારક નીકળે એવી

## શુભેચ્છા!!